ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૫૬/૨૩-૨૪/૨૫ તારીખ : 11 JAN 2024

**આર.પી.એ.ડી.**

કેસ નં.૫૬/૨૩-૨૪

પ્રતિ,
**મે.જે.ટી.બેવરેજીસ,**
સ.નં.૯૯૫,
મું.નવલગઢ,
તા.ધ્રાંગધ્રા,
જી.સુરેન્દ્રનગર.

મો.નં- ૯૮૯૮૦ ૯૮૩૨૧

**વિષય : અમારા ઈન્ડ.એલ.ટી કનેકશનમાં લોડ વધારો ન કરવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૬/૦૯/૨૦૨૩ જે અત્રેની કચેરીને મળ્યા તા.૧૧/૧૦/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૬/૨૩-૨૪/૧૪૧૭ તા.૧૨/૧૦/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૬/૨૩-૨૪/૧૪૫૫ તા.૨૫/૧૦/૨૦૨૩.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૬/૨૩-૨૪/૧૫૬૭ તા.૧૩/૧૨/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૩/૧૨/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
**વિભાગીય કચેરી, ધ્રાંગધ્રા.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) **નાયબ ઈજનેરશ્રી,** પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **રાજસીતાપુર.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૫૬/૨૩–૨૪** ☜

**વાદી** :– **મે.જે.ટી.બેવરેજીસ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૨૩/૧૨/૨૦૨૩** ◈

**વાદી** હાજર રહયા :– શ્રી હિતેષભાઈ ઓઝા.**(વાદીના અધિકૃત પ્રતિનિધિ)**
પ્રતિવાદી :– **શ્રી જે.બી.ઉપાધ્યાય, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ધ્રાંગધ્રા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

મે.જે.ટી.બેવરેજીસ, મું.નવલગઢ, તા.ધ્રાંગધ્રા, જી.સુરેન્દ્રનગરની અમારા ઈન્ડ.એલ.ટી.કનેકશનમાં લોડ વધારો ન કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૫૬/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૬/૨૩–૨૪/૧૪૧૭ તા.૧૨/૧૦/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૦૬/૧૧/૨૦૨૩ તેમજ તા.૨૩/૧૨/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, **તા.૦૬/૧૧/૨૦૨૩ ના રોજ વાદી હાજર રહેલ નહિ તા.૨૩/૧૨/૨૦૨૩** વાદી મે.જે.ટી.બેવરેજીસ વતી તેમના અધિકૃત પ્રતિનિધિ શ્રી હિતેષભાઈ ઓઝા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી જે.બી.ઉપાધ્યાય, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ધ્રાંગધ્રા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

વાદીની રજુઆત – ૧ તા.૨૬/૦૯/૨૦૨૩.

**અરજદાર – મે.જે.ટી.બેવરેજીસ,**
**વતી અશ્વિનભાઈ ઉઘરેજા–પ્રોપ્રાઈટર,**
**સર્વે નં–૯૯૫, નવલગઢ, તા.ધ્રાંગધ્રા–૩૬૩૩૧૦, જી.સુરેન્દ્રનગર.**
**મો.નં–૯૮૯૮૦૯૮૩૨૧, E-mail ID-jtbeverages2017@gmail.com**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

| ક્રમ | ફરીયાદીની માહિતી | ફરીયાદીની ફરીયાદની વિગતો |
| --- | --- | --- |
| ૧ | ફરીયાદનું નામ | જે.ટી.બેવરેજીસના પ્રો.અશ્વિનભાઈ ઉધરેજા |
| ૨ | ફરીયાદીનું સરનામું | સર્વે નં–૯૯૫, મું.પો.નવલગઢ, તા.ધ્રાંગધ્રા–૩૬૩૩૧૦ |
| ૩ | ફરીયાદીની સંપર્ક યાદી | (અ) મો.નં–૯૮૯૮૦૯૮૩૨૧, (બ) E-mail ID- jtbeverages2017@gmail.com |
| ૪ | જોડાણનું સ્વરૂપ અને ગ્રાહક નંબર | LT Conne. of 99 KW JGY/Rural/Industrial Consumer No. 72707006076 |
| ૫ | વિતરણ પરવાનેદાર | પશ્ચિમ ગુજરાત વિજ કંપની, રાજ સીતાપુર પેટા વિભાગ, ધ્રાંગધ્રા–૩૬૩૩૧૦ |
| ૬ | ફરીયાદ સ્વીકાર કેન્દ્ર | કન્ઝ્યુમર રીડ્રેસલ ફોરમ, ભાવનગર ઝોન, ભાવનગર–૩૬૪૦૦૧ |
| ૭ | ફરીયાદનો પ્રકાર(ણ) અન્ય નિર્દિષ્ટ કરો | Grivence regarding LT Conne. of 99 KW JGY/Rural/Industrial Connection to tapping with New 11 KV High Tension Line. |
| ૮ | કર્મચારી/કર્મચારીઓના નામ | કાર્યપાલક ઈજનેરશ્રી, પીજીવીસીએલ, ઓ એન્ડ એમ વિભાગ, ધ્રાંગધ્રા–૩૬૩૩૧૦ |
| ૯ | ફોરમ પાસે માંગેલી રાહત | અમારા હાલના LT Conne. of 99 KW JGY/Rural/Industrial ને નવી એચ.ટી.૧૧ કેવી લાઈન સાથે ગ્રાહકની જરૂરીયાત નો હોવા છતાં, અને ગ્રાહકની નામરજી હોઈને અમારા હાલના લોડમાં લોડ ઘટાડો કરવા અંગે અપાયેલ વિનંતી અરજી અનુસાર લોડ ઘટાડી આપવા હુકમ મેળવવા માંગીએ છીએ. |
| ૧૦ | સાથે જોડેલા દસ્તાવેજોની વિગત | પીજીવીસીએલ, ધ્રાંગધ્રા ડિવિઝન તથા રાજસીતાપુર પેટા વિભાગીય કચેરી ખાતે કરેલ રજૂઆતોની નકલો સામેલ રાખેલ છે. |
| ૧૧ | જાહેરાત | (ક) હું/અમે ફરીયાદી જાહેર કરીએ છીએ કે, (૧) ઉપર અહીં આપેલી માહિતી સાચી અને ખરી છે. અને (૨) મે/અમે અહીં ઉપર આપેલી કોઈપણ હકીકતો અને આ સાથે રજૂ કરેલ દસ્તાવેજોની બાબત કાંઈપણ છુપાવી કે ખોટી રીતે રજૂ કરી નથી. (ખ) હાલની ફરીયાદની વિષય–વસ્તુ મારી/અમારી ઉતર જાણકારી મુજબ કયારેય મારા દ્વારા ફોરમને સાદર કરવામાં આવી નથી. (ગ) મારી ફરીયાદની વિષય–વસ્તુની પતાવટ આગલી કોઈપણ કાર્યવાહી ફોરમ મારફત થયેલ નથી. (ઘ) મારી ફરીયાદની વિષય–વસ્તુના નિર્ણય કોઈપણ સક્ષમ સતાધિકારી/અદાલત લવાદ દ્વારા કરવામાં આવ્યો નથી અને આવી કોઈ સતાધિકારી/અદાલત/લવાદ સમક્ષ નિર્ણય બાકી નથી. |

આ ઉપર જણાવેલ મારી ફરીયાદની તમામ વિગતો મારી જાણ તથા માનવા પ્રમાણે યથાર્થ તથા ખરી છે.

<u>વાદીની રજૂઆત – ૨ તા.૨૩/૧૨/૨૦૨૩.</u>

૧.૧ અમારા હાલના LT Conne. of 99 KW JGY/Rural/Industrial ને નવી એચટી ૧૧ કેવી લાઈન સાથે ગ્રાહકની જરૂરીયાત ન હોવા છતાં, અને ગ્રાહક ની નામરજી હોઈને અમારા હાલના લોડમાં લોડ ઘટાડો કરવા અંગે આપાયેલ વિનંતી અરજી અનુસાર લોડ ઘટાડી આપવા હુકમ મેળવવા બાબતે ફોરમ સમક્ષ રજુઆત કરેલ છે. અમારી આ રજુઆતની એક નકલ અમોએ સામાવાળા નં.(૧) તથા (૨) ને અપાયેલ હતી. અમો અરજદારને આવી બાબતે સામાવાળા તરફથી અપાયેલ જવાબની નકલ અપાયેલ નથી જે અમોને આપવામાં આવે ત્યારબાદ અમો આવી બાબતે

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

આપને રજુ થયેલ જવાબ/પારા વાઈઝ રીમાર્કસ ની નકલ અપાઈ જવા વિનંતી છે. જે અમો આવી બાબતે અમારો બચાવ રજુ કરી શકીએ તેમ છીએ જેથી, અમોને સામાવાળા તરફથી અપાઈ જવા હુકમ કરવા અરજ છે.

૧.૨ કોઈપણ સંજોગોમાં અમોને આવા જવાબ/પારા વાઈઝ રીમાર્કસની નકલ આપવામાં ન આવે તેવા સંજોગોમાં કુદરતી ન્યાયના સિધ્ધાન્તો નો ભંગ થવા પામે તેમ છે. જેથી Breach of Rules of Natural Justice થવા પામે જે હાલના તબકકે ફોરમ સમક્ષ બની શકે નહી તેવું અમારૂ નમ્ર પણે માનવું છે. કેમ કે, ફોરમ આ સિધ્ધાંતો પરજ ગઠીત થયેલ છે. આથી અમારી ફોરમને ફરીને નમ્ર વિનંતી છે, કે અમોને સામાવાળાઓ તરફથી અપાતા જવાબ/પારા વાઈઝ રીમાર્કસની એક નકલ અપાઈ જવા હુકમ ફરમાવવા વિનંતી છે.

અમો અરજદાર તરફથી કોન્ટ્રેકટેડ લોડ કરતાં વધારે વીજ વપરાશ કરાયેલ હોવા અંગે કંપનીની ગાઈડ લાઈન અનુસાર ડીફરન્સ એમાઉન્ટ નું બીલીંગ કરવું જોઈએ અને પણ નિયત સમય મર્યાદામાં આપાઈ જવું જોઈએ, જયારે હાલના કીસ્સામાં આવી સમય મર્યાદા બહાર જઈને કાર્યવાહી થયેલ હોવાથી આવી બાબતે તદઅનુસાર નિર્ણય થવો જરૂરી છે. વિષેશમાં અમારો વીજ વપરાશ કોન્ટ્રેકટેડ લોડ કરતાં વધારે નોંધાયેલ છે, ત્યારબાદ, કેટલી સાયકલમાં આવો વધારે વીજ વપરાશ નોંધાયેલ નથી તેવી બાબત પણ ધ્યાને લેવાયેલ નથી જે ધ્યાને લેવા અરજ છે.

૧.૩ અમારી ફોરમ સમક્ષની રજુઆત પહેલા અમોને અમોએ ધારણ કરેલ વીજ જોડાણ અમારા હાલના LT Conne. of 99 KW JGY/Rural/Industrial ને નવી એચટી ૧૧ કેવી લાઈન સાથે જોડાણ કરવા ગ્રાહકની જરૂરીયાત ન હોવા છતાં, તેમજ ગ્રાહકની નામરજી વ્યકત થયેલ હોવા છતાં પણ, અમારા હાલના લોડમાં લોડ ઘટાડો કરવા અંગે અપાયેલ વિનંતી અરજી અનુસાર લોડ ઘટાડી આપવા અંગેની કાર્યવાહી નહી કરીને, ગેરકાયદેસર રીતે અમોને સામાવાળા તરફથી ગેરકાયદેસર રીતે આપવામાં આવેલ છે. અમારા વીજ વપરાશમાં નોંધાયેલ વધારાનો વીજ વપરાશ પીજીવીસીએલ ના Cir.No.PGVCL/R&C/1910 dtd.19.03.2022 અનુસાર ગણતરી કરવા વિનંતી કરાયેલ તેમ છતાં સામાવાળાઓ તરફથી કોપીરેટ ઓફીસની સુચનાઓનું ઉલ્લંઘન કરી પરીપત્ર થી વિરૂધ્ધ મનસ્વી રીતે અમોને ફાઈનલ કવોટેશન અપાયેલ છે. જેથી આ ફાઈનલ કવોટેશન રદ કરવા પણ હુકમ મેળવવા માંગીએ છીએ. અને હાલના આ વિવાદ નો આખરી નિર્ણય થતાં સુધી આવી રકમ બીલના લીટીગેશન કોલમમાં દર્શાવવામાં આવે તેવી પણ સંબંધીત અધિકારીશ્રી, ને જરૂરી સુચના અપાઈ જવા વિનંતી છે.

આથી અમારી ફોરમ સમક્ષ ફરીને નમ્ર વિનંતી છે, કે અમોને સામાવાળાઓ તરફથી અપાતા જવાબ/પારા વાઈઝ રીમાર્કસની એક નકલ અપાઈ જવા હુકમ ફરમાવવા વિનંતી છે. જેથી અમો તેઓના જવાબ/પારા વાઈઝ રીમાર્કસ નો અભ્યાસ કરીને અમારી આ બાબતે આગામી સુનાવણી સમયે આખરી લેખીત દલીલો રજુ કરી શકીએ હાલ એ જ અરજ.

**<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ જય ભારત સાથ ઉપરોકત સંદર્ભ ના વિષય અન્વયે જણાવવાનું કે અત્રેની કચેરી હેઠળ રાજસીતાપુર પે.વી.ના ગ્રાહક શ્રી જે.ટી બેવરેજીસ એલટીએમડી.ગ્રાહક નં.૭૨૭૦૭૦૦૬૦૭૬ દ્વારા તેઓના કનેકશન માં લોડ વધારો ન કરવા માટે રજુઆત કરેલ છે. જેનો કેસ નં.૫૬/૨૩–૨૪ મુજબ આપના સંદર્ભ–૦૧ પત્ર થી જણાવેલ છે જે મુજબ આપ સાહેબને જણાવવાનું કે ગ્રાહક શ્રી જે.ટી.બેવરેજીસ ના વર્ષ ૨૦૨૦–૨૧ થી વર્ષ ૨૦૨૨–૨૩ સુધી તેઓના કરારિત માંગ કરતા ખરેખર માંગ વધુ જોવા મળેલ જેના રીપોર્ટ આ સાથે સામેલ છે. નિગમિત કચેરીના તા.૧૯.૦૩.૨૦૨૩ મુજબ માત્ર ગ્રાહક શ્રી પાસેથી ફીક્ષ ચાર્જ વસુલ કરેલ. પરંતુ, ગ્રાહક શ્રી દ્વારા લોડ કંટ્રોલ પણ કરેલ નથી કે તેઓ દ્વારા લોડ વધારો પણ માંગેલ નથી જેથી સતત ત્રીજા વર્ષે એટલે કે વર્ષ ૨૦૨૨–૨૩ માં પણ તેઓની કરારીત માંગ કરતા ખરેખર માંગ વધુ આવેલ જેથી સપ્લાય કોડ ના ૪.૯૫ મુજબ તેઓને પેટા વિભાગ દ્વારા આઉટ નં.૮૨૨૧ તા.૧૬.૦૫.૨૦૨૩ થી નોટીસ આપેલ. પરંતુ, ગ્રાહક દ્વારા લોડ વધારો કરાવેલ ન હોય તેઓને સપ્લાય કોડ ૪.૯૫ મુજબ સુઓમોટો થી નં–૩૧૪૩ તા.૦૮.૦૮.૨૦૨૩ થી અંદાજપત્ર પાઠવેલ.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

પરંતુ, ગ્રાહકની અત્રેની કચેરી ખાતે પણ રજુઆત હોય તેઓને સંદર્ભ પત્ર ૦૨–૦૩ થી લોડ વધારો કરવા તેમજ આપેલ અંદાજપત્ર ભરપાઈ કરવા જણાવેલ. પરંતુ, તેઓ દ્વારા અંદાજપત્ર ભરપાઈ ન કરતા તેની રકમ તેઓના ખાતે ડેબીટ કરેલ છે. જે આપ સાહેબને જાણ સારૂં તેમજ આગળની કાર્યવાહી માટે.

☞ **ફોરમનું તારણ :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી મે.જે.ટી.બેવરેજીસ, ગ્રા.નં.૭૨૭૦૭/૦૦૬૦૭/૬ થી ૯૯ કી.વો.નું નવલગઢ, તા.ધ્રાંગધ્રા ખાતે વીજ કનેકશન ધરાવે છે. જેને લોડ વધારો કરી ખાતામાં રકમ ડેબિટ કરવાની બાબતે વાંધો ઉપસ્થિત થતાં ફોરમને રજુઆત કરેલ છે.

૩.૨ વાદીની અરજી ની રૂબરૂ સુનાવણી માટે તા.૦૬.૧૧.૨૦૨૩ નાં રોજ મુદત રાખવામાં આવેલ. જેમાં વાદી હાજર રહી શકેલ નહી, પ્રતિવાદી એ જવાબ રજુ કરેલ, ત્યારબાદ આજરોજ તા.૨૩.૧૨.૨૦૨૩ ના રોજ રૂબરૂ સુનાવણીમાં બન્ને પક્ષોએ હાજર રહી પોતાનો પક્ષ રજુ કરેલ છે. આજરોજ વાદીને પ્રતિવાદીએ રજુ કરેલ જવાબની નકલ પૂરી પાડવામાં આવેલ છે.

૩.૩ પ્રસ્તુત કેસની વિગત મુજબ, રાજસીતાપુર પે.વી.ના ગ્રાહક શ્રી જે.ટી બેવરેજીસ એલટીએમડી ગ્રાહક નં.૭૨૭૦૭/૦૦૬૦૭/૬ દ્વારા તેઓના કનેકશન માં લોડ વધારો ન કરવા માટે રજુઆત કરેલ છે.પ્રતિવાદીની રજૂઆત મુજબ જે.ટી. બેવરેજીસના વર્ષ ૨૦૨૦–૨૧ થી વર્ષ ૨૦૨૨–૨૩ સુધી તેઓના કરારિત માંગ કરતા ખરેખર માંગ વધુ જોવા મળેલ જેના રીપોર્ટ આ સાથે સામેલ છે. નિગમિત કચેરીના પત્ર ન. ૧૯૧૦ તા.૧૯.૦૩.૨૦૨૨ મુજબ માત્ર ગ્રાહકશ્રી પાસેથી ફીક્ષ ચાર્જ વસુલ કરેલ. પરંતુ, ગ્રાહક શ્રી દ્વારા લોડ કંટ્રોલ પણ કરેલ નથી કે તેઓ દ્વારા લોડ વધારો પણ માંગેલ નથી જેથી સતત ત્રીજા વર્ષે એટલે કે વર્ષ ૨૦૨૨–૨૩ માં પણ તેઓની કરારીત માંગ કરતા ખરેખર માંગ વધુ આવેલ જેથી સપ્લાય કોડ ના ૪.૯૫ મુજબ તેઓને પેટા વિભાગ દ્વારા આઉટ નં. ૮૨૨૧ તા.૧૬.૦૫.૨૦૨૩ થી નોટીસ આપેલ. પરંતુ, ગ્રાહક દ્વારા લોડ વધારો કરાવેલ ન હોય તેઓને સપ્લાય કોડ ૪.૯૫ મુજબ સુઓમોટો થી નં–૩૧૪૩ તા.૦૮.૦૮.૨૦૨૩ થી અંદાજપત્ર પાઠવેલ. પરંતુ, ગ્રાહકની દ્વારા પ્રતિવાદીની કચેરી ખાતે પણ રજુઆત હોય તેઓને સંદર્ભ પત્ર ૦૨–૦૩ થી લોડ વધારો કરવા તેમજ આપેલ અંદાજપત્ર ભરપાઈ કરવા જણાવેલ. પરંતુ,તેઓ દ્વારા અંદાજપત્ર ભરપાઈ ન કરતા તેની રકમ તેઓના ખાતે ડેબીટ કરેલ છે.

૩.૪ વાદી દ્વારા તેમના સદરહું કનેકશનનો લોડ મેઈન્ટેઈન ન થતાં પ્રતિવાદી દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ના વર્ષ માટે નીચેની વિગતો એ નોટીસ આપવામાં આવેલ છે.

૧ No.RSD/REV/HT/8221 dtd.16.05.2023.

તેમજ નીચે મુજબની વિગતો એ પત્ર લખી લોડ રેગ્યુલરાઈઝ કરવા બાબતે પત્રો લખેલ છે.

૨ No.DHG/REV/4.95/3457 dtd.20.09.2023.
૩ No.DHG/REV/4.95/3751 dtd.09.10.2023.

૩.૫ ઉપરોકત વિગતો અને રજુ થયેલ રેકર્ડ જોતાં ફોરમને જણાય છે કે વાદી દ્વારા કોન્ટ્રેકટ લોડ થી વધુ લોડનો વપરાશ જણાતાં પ્રતિવાદી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી GERCના સપ્લાય કોડ ૪.૯૫ મુજબ ની તેમજ યોગ્ય જણાય છે.

૩.૬ આ તબક્કે પ્રતિવાદીની વડી કચેરી રાજકોટ ના પત્રન. ૧૯૧૦ તા. ૧૯.૦૩.૨૦૨૨ માં દર્શાવેલ સુચના ને પણ ધ્યાનમાં લેવામાં આવે છે જે નીચે મુજબ છે.

**" In such cases, we may allow such consumers with their current cotrract demand or contract demand within 100 KW by recovering differential fixed/demand charges for contract demand that would have been as per clause no. 4.95 of Supply Code and consumer desires to continue with the contract demand for period of two years i.e. agreement period. Afterwards, on single instance of excess drawl than contrct demand, consumer has to regularize its contract demand."**

Consumer Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

3.૭ ઉપરોક્ત મુજબની તમામ વિગતો અને પત્રવ્યવહાર તેમજ રજુઆતોને ધ્યાને લેતા અરજદારે પોતાનું વીજજોડાણ પીજીવીસીએલ દ્વારા અપાયેલ એસ્ટીમેટ ભરપાઈ કરીને ગણતરી કરેલ લોડ મુજબ રેગ્યુલરરાઈઝ કરવાનું રહેશે અથવા લોડ મુજબ બે વર્ષ નો મીનીમમ ચાર્જ ભરપાઈ કરીને, ઉપરોક્ત 3.૬ ની વિગતે બાહેંધરીપત્ર રજુ કરી લોડ મેઈન્ટેનન કરવાનો રહેશે. આ સમગ્ર પ્રક્રિયા દિન – દસ માં પૂર્ણ કરવાની રહેશે.

**–:: હુકમ ::**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " 3.૭ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રી જે.એમ મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(બી.આર.વડાવીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

તારીખ :– **૨૩/૧૨/૨૦૨૩.**